# DCM શ્રીરામ લીમીટેડ કંપની દ્વારા વૃક્ષારોપણ



દેશના બીજા નંબરના સૌથી પૌરાણિક શહેર ભરૂચમાં સ્વચ્છતા તેમજ ગ્રીન કવર વધારવા ઝઘડીયાની ડીસીએમ શ્રીરામ કંપની તરફથી પહેલ કરવામાં આવી છે. 29મીના રોજથી ભરૂચમાં ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશનો પ્રારંભ સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય દુષ્યંત પટેલ, અરૂણસિંહ રણા, કલેકટર રવિકુમાર અરોરા અને ડીડીઓ ક્ષિપ્રા આગ્રે સહિતના મહેમાનોની હાજરીમાં કરાયો હતો. ભરૂચ તાલુકાના ભોલાવ ગામના તળાવ ફરતે ઝગડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ યુનિટ દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રેસીસન્ટ એન્ડ યુનિટ હેડ કે આર વૈધ્યએ કંપની દ્વારા ગ્રામ્ય સ્તરે હાથ ધરવામાં આવતી વિવિધ સીએસઆર પ્રવૃતિઓ અંગે માહિતી આપી હતી. કંપનીએ વૃક્ષોના વાવેતરની સાથે તેના જતનનો પણ સંકલ્પ લીધો હતો.